# પ્રથમ ટેસ્ટમાં શ્રીલંકા સામે ભારત મોટા વિજય તરફ

**ઋષભ** પંત અને દેવદત પડીકલની ઇનિંગની મદદથી ભારતે શ્રીલંકા સામે 372 રનનો મુશ્કેલ લક્ષ્યાંક મૂક્યો

**ભારતીય** બોલરોની ઉમદા બોલિંગથી શ્રીલંકાનો સ્કોર ચાર વિકેટે 84 રન, જીતવા માટે હજુ 288 રનની જરૂર

ગોલ, તા. 18 (પીટીઆઈ) : ઋષભ પંતના શાનદાર 66 રન બાદ બોલરોના બહેતરીન પ્રદર્શનના જોરે ભારતે ચોથા દિવસના અંત સુધીમાં શ્રીલંકાને બીજી ઈનિંગ્સમાં 84 રનમાં 4 વિકેટ સુધી રોકીને પ્રથમ ટેસ્ટમાં વિજય તરફ મજબૂત કદમ વધાર્યા છે. બીજી ઈનિંગ્સમાં પંતના 66, દેવદત્ત પડિક્કલના 44 અને કે એલ રાહુલના 35 રનના ઉપયોગી યોગદાનથી ભારતે 193 રન બનાવી શ્રીલંકા સામે 372 રનનો મુશ્કેલ લક્ષ્યાંક મૂક્યો હતો. શ્રીલંકાને જીતવા માટે હજુ 288 રનની જરૂર છે. દિવસના અંતે કેપ્ટન ધનંજય ડી સિલ્વા 31 અને સોનલ દિનુશા 25 રને ક્રીઝ પર હતા.

આ સ્ટેડિયમમાં સૌથી મોટો સફળ રન-ચેઝ 344 રનનો રહ્યો છે. જે પાકિસ્તાને 2022માં કર્યો હતો. શ્રીલંકાની ચોથી ઈનિંગ્સની શરૂઆત નબળી રહી હતી. મહંમદ સિરાજે નિશાન ફર્નાન્ડોને આઉટ કરીને ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. તે પછી પ્રસિદ્ધ કૃષ્ણાએ કામિન્દુ મેન્ડિસને પેવેલિયન ભેગો કર્યો હતો. ડાબોડી સ્પિનર માનવ સુથારે દિનેશ ચાંદીમલના કન્કશન સબસ્ટીટ્યુટ તરીકે આવેલા પસિન્દુ સૂર્યાબંદારા અને લહિરુ ઉદારાની વિકેટ ઝડપી હતી.

આ અગાઉ, ભારતની બીજી ઈનિંગ્સની શરૂઆત નબળી રહી હતી પરંતુ તે પછી રાહુલ અને પડીક્કલે 65 રનની ભાગીદારી કરી હતી. પ્રથમ ઈનિંગ્સમાં 167 રન કરનાર પડિક્કલે બીજી ઈનિંગ્સમાં પણ આક્રમક શૉટ્સ રમીને મહત્વના રન જોડ્યા હતા.

| | |
|---|---|
| ભારત પ્રથમ દાવ | 462 |
| શ્રીલંકા પ્રથમ દાવ | 284 |

**ભારત બીજો દાવ**

| | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો.ડિકવેલા બો.ફર્નાન્ડો | 0 | 3 | 0 | 0 |
| રાહુલ કો.રત્નાયકે બો.જયસૂર્યા | 35 | 47 | 2 | 2 |
| પડીકલ LB બો.નુવંતા | 44 | 75 | 6 | 0 |
| ગીલ LB બો.જયસૂર્યા | 8 | 20 | 1 | 0 |
| પંત કો.ડિકવેલા બો.કુમારા | 66 | 69 | 8 | 2 |
| જુરેલ કો.ડિકવેલા બો.ફર્નાન્ડો | 7 | 15 | 1 | 0 |
| જાડેજા કો.પસિંદુ બો.કુમારા | 9 | 19 | 0 | 0 |
| સુથાર કો.ડિકવેલા બો.ફર્નાન્ડો | 9 | 25 | 1 | 0 |
| કુલદીપ કો.ધનંજય બો.જયસૂર્યા | 5 | 10 | 0 | 0 |
| સિરાજ નોટઆઉટ | 2 | 6 | 0 | 0 |
| પ્રસિદ્ધ કો.કુમારા બો.ફર્નાન્ડો | 2 | 7 | 0 | 0 |
| વધારાના | 6 | | | |
| કુલ (48.5 ઓવરમાં ઓલઆઉટ) | 193 | | | |

**વિકેટપતન :** 1/0, 2/65, 3/81, 4/111, 5/120, 6/174, 7/179, 8/188, 9/190, 10/193

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અસિતા ફર્નાન્ડો | 8.5 | 0 | 31 | 4 |
| કેશરા નુવંતા | 23 | 3 | 86 | 1 |
| પ્રભાત જયસૂર્યા | 11 | 0 | 43 | 3 |
| ધનંજય ડિ સિલ્વા | 1 | 0 | 4 | 0 |
| લાહિરુ કુમારા | 5 | 0 | 28 | 2 |

| શ્રીલંકા બીજો દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| મદુશ્કા કો.પ્રસિદ્ધ બો.સિરાજ | 6 | 27 | 0 | 0 |
| ઉડાના કો.જુરેલ બો.સુથાર | 16 | 58 | 1 | 0 |
| પસિંધુ LB બો.સુથાર | 0 | 1 | 0 | 0 |
| કામિન્દુ કો.રાહુલ બો.પ્રસિદ્ધ | 2 | 12 | 0 | 0 |
| ધનંજય રમતમાં | 31 | 73 | 3 | 0 |
| દીનુષા રમતમાં | 25 | 36 | 4 | 0 |
| વધારાના | 4 | | | |
| કુલ (34 ઓવરમાં ચાર વિકેટે) | 84 | | | |

**વિકેટપતન :** 1/13, 2/14, 3/21, 4/47

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ સિરાજ | 5 | 1 | 11 | 1 |
| માનવ સુથાર | 11 | 0 | 30 | 2 |
| પ્રસિદ્ધ કૃષ્ણા | 8 | 2 | 13 | 1 |
| રવિન્દ્ર જાડેજા | 6 | 0 | 16 | 0 |
| કુલદીપ યાદવ | 3 | 0 | 8 | 0 |
| દેવદત્ત પડીકલ | 1 | 0 | 5 | 0 |

## ઋષભ પંત ટેસ્ટમાં 100 છગ્ગા મારનાર પ્રથમ ભારતીય અને વિશ્વનો સૌથી ઝડપી ખેલાડી

ગોલ, તા. 18 (પીટીઆઈ) : ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત આજે મંગળવારે અહીં શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચના ચોથા દિવસે ટેસ્ટ ક્રિકેટમાં 100 છગ્ગા પૂરા કરવાનો દુર્લભ માઇલસ્ટોન હાસલ કરનાર પ્રથમ ભારતીય ખેલાડી અને વિશ્વનો ચોથો બેટ્સમેન બન્યો છે. પોતાના આ માઇલસ્ટોનમાં પંતે પોતાની માત્ર 51મી ટેસ્ટ મેચમાં 100 છગ્ગા ફટકારીને બેન સ્ટોક્સને પાછળ છોડી વિશ્વનો સૌથી ઝડપી ખેલાડી પણ બની ગયો છે, ઇંગ્લેન્ડના માજી કેપ્ટન સ્ટોક્સે પોતાની 82મી ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી. ટેસ્ટમાં સર્વાધિક છગ્ગા મામલે સ્ટોક્સ 138 છગ્ગા, ન્યુઝીલેન્ડનો બ્રેન્ડન મેક્કુલમ 107 છગ્ગા સાથે પંતથી આગળ છે જ્યારે ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ વિકેટકીપર-બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટ 100 છગ્ગા સાથે તેની બરાબરી પર છે. મેચની શરૂઆત પહેલા પંત 97 છગ્ગા પર હતો અને પ્રથમ ઇનિંગ્સમાં તેણે ક્રિસ ગેલના 98 છગ્ગાના રેકોર્ડની બરાબરી કરી હતી. ભારતીયોમાં, વિરેન્દ્ર સહેવાગ અને રોહિત શર્મા બંને 91-91 છગ્ગા સાથે આ યાદીમાં સંયુક્ત રીતે બીજા સ્થાને છે.

### ટેસ્ટમાં ઇનિંગની દૃષ્ટિએ સૌથી ઝડપી 100 છગ્ગા

| ખેલાડી | દેશ | મેચ | ઇનિંગ |
|---|---|---|---|
| ઋષભ પંત | ભારત | 51 | 89 |
| બેન સ્ટોક્સ | ઇંગ્લેન્ડ | 82 | 151 |
| એડમ ગિલક્રિસ્ટ | ઓસ્ટ્રેલિયા | 92 | 130 |
| બ્રેન્ડન મેકુલમ | ન્યૂઝીલેન્ડ | 98 | 170 |

### ટેસ્ટમાં 100 કે તેથી વધુ છગ્ગા

| ખેલાડી | દેશ | મેચ | ઇનિંગ | છગ્ગા |
|---|---|---|---|---|
| બેન સ્ટોક્સ | ઇંગ્લેન્ડ | 122 | 220 | 138 |
| બ્રેન્ડન મેકુલમ | ન્યૂઝીલેન્ડ | 101 | 176 | 107 |
| ઋષભ પંત | ભારત | 51 | 89 | 100 |
| એડમ ગિલક્રિસ્ટ | ઓસ્ટ્રેલિયા | 96 | 137 | 100 |

## ચંદીમલ ઇજાથી બહાર, પાસિન્દુનું કન્કશન સબસ્ટીટ્યૂટ તરીકે ડેબ્યુ

**પાસિન્દુ** સુર્યાબંદારા કન્કશન સબ તરીકે ડેબ્યુ કરનાર વિશ્વનો પાંચમો ખેલાડી, ગોલ્ડન ડક પર આઉટ થનારો છેલ્લા 10 વર્ષમાં બીજો શ્રીલંકન

ગોલ, તા. 18 : શ્રીલંકાનો અનુભવી બેટ્સમેન દિનેશ ચંદીમલને ચોથા દિવસની ચોથી ઓવર દરમિયાન બાઉન્ડ્રી બચાવવા માટે ડાઇવ કરતી જમણા ખભા અને ગરદનમાં ગંભીર ઇજા થઈ હતી. શ્રીલંકન ક્રિકેટ બોર્ડે એક નિવેદન જારી કરીને પુષ્ટિ કરી હતી કે તે કન્કશનને કારણે મેચમાં આગળ રમી શકશે નહીં. તેના સ્થાને 26 વર્ષીય યુવા બેટ્સમેન પાસિન્દુ સૂર્યાબંદરાને તેના કન્કશન સબસ્ટિટ્યુટ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ સૂર્યાબંદરાનું ટેસ્ટ ડેબ્યૂ બન્યું હતું અને સંભવતઃ તે કન્કશન સબસ્ટીટ્યૂટ તરીકે ટેસ્ટ ડેબ્યુ કરનારો વિશ્વનો પાંચમો ખેલાડી બન્યો હતો. સૂર્યબંદરા 10 વર્ષમાં ટેસ્ટ ડેબ્યૂ પર ગોલ્ડન ડક પર આઉટ થનાર પ્રથમ શ્રીલંકન બેટ્સમેન બન્યો હતો. તેના પહેલા 2018માં બાંગ્લાદેશ સામેની મીરપુર ટેસ્ટમાં અકિલા ધનંજય ટેસ્ટ ડેબ્યુમાં ગોલ્ડન ડક પર આઉટ થનારો પહેલો શ્રીલંકન બન્યો હતો.

### માનવ સુથાર ટેસ્ટ ડેબ્યુટન્ટને ગોલ્ડન ડક પર આઉટ કરનાર કુંબલે પછી બીજો ભારતીય

દિનેશ ચંદીમલના સ્થાને કન્કશન સબ તરીકે ટેસ્ટ ડેબ્યુ કરનારા પાસિન્દુ સુર્યાબંદારાને પહેલા બોલે ગોલ્ડન ડક આઉટ કરનારો માનવ સુથાર છેલ્લા 32 વર્ષમાં વિરોધી બેટ્સમેનના ટેસ્ટ ડેબ્યૂમાં તેને ગોલ્ડન ડક પર આઉટ કરનારો પ્રથમ ભારતીય બોલર બન્યો હતો. આ પહેલા 1994માં દિગ્ગજ અનિલ કુંબલેએ વેસ્ટ ઇન્ડિઝના કેમેરન ક્ફીને તેના ટેસ્ટ ડેબ્યુ પર ગોલ્ડન ડક પર આઉટ કર્યો હતો.

### કન્સશન સબ તરીકે ટેસ્ટ ડેબ્યુ કરનાર ખેલાડીઓ

| ખેલાડી | દેશ | હરીફ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|
| બ્રાયન મુડઝિંગન્યામા | ઝિમ્બાબ્વે | શ્રીલંકા | હરારે | 2020 |
| મેથ્યુ પાર્કિન્સન | ઇંગ્લેન્ડ | ન્યૂઝીલેન્ડ | લોર્ડ્સ | 2022 |
| બહિર શાહ | અફઘાનિસ્તાન | બાંગ્લાદેશ | મીરપુર | 2023 |
| પસિંદુ સૂરિયાબંદરા | શ્રીલંકા | ભારત | ગોલ | 2026 |

## હોકી વર્લ્ડકપમાં આજે ભારત-પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો

**ભારતીય** ટીમે નોકઆઉટમાં સ્થાન મેળવવા આ મેચ જીતવી અથવા તો ડ્રો કરવી પડશે, પાકિસ્તાને જીતવી જ પડશે

**સાંજે** 6:30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને ડીડી સ્પોર્ટસ પર લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

### ભારત-પાકિસ્તાન મેચની બધી ટિકિટો વેચાઇ

એમ્સ્ટલવીન, તા. 18 : FIH હોકી વર્લ્ડ કપની બુધવારે રમાનારી બહુપ્રતિક્ષિત ભારત-પાકિસ્તાન મેચની બધી ટિકિટો વેચાઇ ગઇ છે, જેના કારણે 10,000 ક્ષમતા ધરાવતું વેગનર સ્ટેડિયમ આ હાઇ-પ્રોફાઇલ પૂલ ડી મુકાબલા માટે ભરેલું હોવાની અપેક્ષા છે. આ મેચ માટે ભારતીય અને પાકિસ્તાની મૂળના લોકોમાં નોંધપાત્ર ઉત્સાહ છે. છેલ્લા આઠ વર્ષથી નેધરલેન્ડ્સમાં રહેતી અંજના પબ્બીએ કહ્યું, હું મારા પરિવાર સાથે ભારત-પાકિસ્તાન મેચ જોવા માંગતી હતી, પરંતુ હવે ટિકિટો ઉપલબ્ધ નથી.

એમસ્ટેલવીન, તા. 18 : FIH પુરુષ હોકી વર્લ્ડ કપના ગ્રૂપ 'D'ની આવતીકાલે બુધવારે એક હાઈ-સ્ટેક મેચમાં જ્યારે પરંપરાગત પ્રતિસ્પર્ધી ભારત અને પાકિસ્તાન આમને-સામને થશે, ત્યારે પાકિસ્તાન સામેના પોતાના એક દાયકા જૂના અજેય ક્રમની શ્રેણીને આગળ ધપાવવા અને બીજા રાઉન્ડમાં સ્થાન નિશ્ચિત કરવાના ઈરાદા સાથે ભારત મેદાનમાં ઉતરશે.

બે મેચમાંથી ત્રણ પોઈન્ટ ધરાવતા ભારતને આગળના રાઉન્ડમાં પહોંચવા માટે ઓછામાં ઓછી મેચ ડ્રો કરવી જરૂરી છે, જ્યારે એક પોઈન્ટ ધરાવતા પાકિસ્તાનને પોતાની આશા જીવંત રાખવા માટે દરેક ભોગે જીત મેળવવી પડશે. ઈંગ્લેન્ડ બંને મેચ જીતીને પહેલાથી જ આગળના રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ ચૂક્યું છે. ભારતે પોતાની પ્રથમ મેચમાં વેલ્સને ૩-૧થી હરાવીને શરૂઆત કરી હતી, પરંતુ બીજી મેચમાં બીજા હાફમાં ત્રણ ગોલ ગુમાવ્યા બાદ વિશ્વની ત્રીજા નંબરની ટીમ ઈંગ્લેન્ડ સામે 2-4થી હારનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ, પાકિસ્તાને ઈંગ્લેન્ડ સામે 1-4થી હાર્યા બાદ વેલ્સ સામે ૩-૩થી ડ્રો કરી હતી. તેમના માટે ભારતીય ટીમને હરાવવા સુધારેલું પ્રદર્શન કરવું પડશે, કારણ કે અત્યાર સુધી તેમનું ડિફેન્સ અને પેનલ્ટી કોર્નર એક્ઝિક્યુશન અસ્થિર રહ્યું છે. તાજેતરના મુકાબલાઓમાં ભારતનું પલડું ભારે રહ્યું છે. આ વર્ષના પ્રારંભમાં યુરોપિયન પ્રો લીગમાં ભારતે પાકિસ્તાનને 7-1 અને 4-3થી હરાવ્યું હતું. પાકિસ્તાને ભારત સામે છેલ્લી જીત 2016ની ચેમ્પિયન્સ ટ્રોફીમાં મેળવી હતી.

## બેડમિન્ટન વર્લ્ડ : લક્ષ્ય લડાયક જીત સાથે બીજા રાઉન્ડમાં

**ત્રિસા** અને ગાયત્રીની જોડી બીજી જીત સાથે પ્રી ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી, ઉન્નતી હુડા પણ બીજા રાઉન્ડમાં

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ) : સ્ટાર ભારતીય શટલર લક્ષ્ય સેને પહેલી ગેમ હાર્યા બાદ જોરદાર વાપસી કરીને ત્રણ ગેમના સખત સંઘર્ષપૂર્ણ મેચમાં ઑસ્ટ્રિયાના કોલિન્સ વેલેન્ટિન ફિલિમોનને હરાવી આજે મંગળવારે અહીં BWF વર્લ્ડ ચેમ્પિયનશિપના મેન્સ સિંગલ્સ ઈવેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. મહિલા સિંગલ્સમાં ઉન્નતી હુડાએ બીજા રાઉન્ડમાં જ્યારે ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશી હતી.

લક્ષ્યે 45 મિનિટ ચાલેલા મુકાબલામાં ફિલિમોનને 16-21, 21-8, 21-4થી હરાવ્યો હતો. બીજા રાઉન્ડમાં લક્ષ્યનો મુકાબલો અમેરિકાના ગેરેટ ટેન સામે થશે જેણે સ્વિટ્ઝર્લેન્ડના ટોબિઆસ કુએન્ઝીને 21-4, 21-15થી હરાવ્યો હતો. ભારતીય મહિલા સિંગલ્સ ખેલાડી ઉન્નતિ હુડ્ડાએ પણ 40 મિનિટના મુકાબલામાં મ્યાનમારની થેટ હતાર થુઝારને 22-20, 21-16 થી હરાવી હતી. અગાઉ, ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની બિનક્રમાંકિત ભારતીય જોડીએ મહિલા ડબલ્સમાં 16મી ક્રમાંકિત અમેરિકન જોડી લોરેન લેમ અને એલિસન ક્વિન લીને સીધી ગેમમાં 21-15, 21-12થી હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

## આ વર્ષે કોઈને ખેલ રત્ન નહીં : અર્જુન એવોર્ડ માટે 17 ખેલાડી શોર્ટલિસ્ટ

**તેજસ્વિન** શંકર, દિવ્યા દેશમુખ, ગાયત્રી ગોપીચંદ અને ત્રિશા જોલી અર્જુન એવોર્ડ વિજેતાઓની યાદીમાં સામેલ

**સિલેક્શન** પેનલ દ્વારા હોકી સ્ટાર હાર્દિક સિંહનું નામ ખેલ રત્ન માટે વિચારાયુ પણ અંતિમ પસંદગીમાં નીકળી ગયું

### અર્જુન એવોર્ડ્સ માટે શોર્ટલિસ્ટ થયેલા નામો

તેજસ્વિન શંકર (એથ્લેટિક્સ), પ્રિયંકા ગોસ્વામી (એથ્લેટિક્સ), નરેન્દર (બોક્સિંગ), વિદિત ગુજરાતી (ચેસ), દિવ્યા દેશમુખ (ચેસ), ધનુષ શ્રીકાંત (બધિર શૂટિંગ), રાજકુમાર પાલ (હોકી), સુરજીત (કબડ્ડી), રુદ્રાંશ ખંડેલવાલ (પેરા-શૂટિંગ), એકતા ભિયાન (પેરા-એથ્લેટિક્સ), અરવિંદ સિંહ (રોઈંગ), અખિલ શેરોન (શૂટિંગ), ટ્રીસા જોલી (બેડમિન્ટન), ગાયત્રી ગોપીચંદ (બેડમિન્ટન), લાલરેમસિયામી (હોકી), મુહમ્મદ અજમલ (એથ્લેટિક્સ), પૂજા (કબડ્ડી).

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ) : રમત મંત્રાલયે આજે મંગળવારે વર્ષ 2025 માટે દેશના સર્વોચ્ચ રમત સન્માન 'ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' માટે કોઈ પણ ખેલાડીની પસંદગી કરી નથી. સાથોસાથ, છ મહિના પહેલાં સિલેક્શન પેનલ દ્વારા કરવામાં આવેલી ભલામણોના અભૂતપૂર્વ પુનઃમૂલ્યાંકન બાદ 17 અર્જુન એવોર્ડ વિજેતાઓની નોંધપાત્ર રીતે ટૂંકાવેલી યાદી જાહેર કરવામાં આવી છે.

પૂર્વ સુપ્રીમ કોર્ટના જજ અરૂણ કુમાર મિશ્રાની અધ્યક્ષતાવાળી સિલેક્શન પેનલ દ્વારા હોકી સ્ટાર હાર્દિક સિંહના નામ પર ખેલ રત્ન માટે વિચારણા કરવામાં આવી હતી, પરંતુ આખરે તે દાવેદારીમાંથી બહાર થયો હતો. આ પહેલાં 2014માં દેશમાં કોઈને પણ ખેલ રત્ન આપવામાં આવ્યો નહોતો. આજે મંગળવારે જાહેર કરાયેલી 17 ખેલાડીઓની અર્જુન એવોર્ડ યાદીમાં વર્લ્ડ કપ વિજેતા ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ, ડેકાથલીટ અને હાઈ જમ્પર તેજસ્વિન શંકર તથા બેડમિન્ટન ખેલાડી ગાયત્રી ગોપીચંદ અને ત્રિશા જોલીનો સમાવેશ થયો છે. આ ઉપરાંત અર્જુન એવોર્ડની યાદીમાં ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતી, ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલ વિજેતા બોક્સર નરેન્દર બરવાલ અને યુવા બધિર રાયફલ શૂટર ધનુષ શ્રીકાંત પણ સામેલ છે. સિલેક્શન કમિટીએ આ વર્ષે અર્જુન એવોર્ડ માટે 24 નામોની ભલામણ કરી હતી, પરંતુ મંત્રાલયે માત્ર 17 નામોને જ મંજૂરી આપી છે. 2024માં અર્જુન એવોર્ડની યાદીમાં 17 પેરા-સ્પોર્ટ્સના ખેલાડીઓ હતા. આ વખતે પેરા-સ્પોર્ટ્સમાંથી માત્ર બે જ નામો યાદીમાં સામેલ છે. આ યાદીમાં કોઈ ક્રિકેટરનો સમાવેશ નથી.

## હોકી વર્લ્ડકપ : ભારતીય મહિલા ટીમે દક્ષિણ આફ્રિકાને 6-1થી હરાવ્યું

**ભારત** તરફથી ત્રીજા ક્વાર્ટરમાં ત્રણ ગોલ થયા, દક્ષિણ આફ્રિકા વતી માત્ર એક જ ગોલ નોંધાયો

એમ્સ્ટલવીન, તા. 18 (પીટીઆઈ) : એફઆઈએચ (FIH) મહિલા હોકી વર્લ્ડ કપની પોતાની બીજી પૂલ D મેચમાં ભારતે શાનદાર પ્રદર્શન કરીને દક્ષિણ આફ્રિકાને 6-1થી હરાવ્યું છે. આ જીત સાથે ભારતે આગળના રાઉન્ડમાં પહોંચવાની પોતાની સંભાવનાઓને વધુ મજબૂત બનાવી દીધી છે.

ભારત તરફથી છ અલગ-અલગ ખેલાડીઓએ ગોલ નોંધાવ્યા હતા. ત્રીજા ક્વાર્ટરમાં ભારતે સતત ત્રણ ગોલ કરીને એકતરફી મુકાબલાને મોટા વિજયમાં ફેરવી નાખ્યો હતો. ભારત વતી સુનેલિતા ટોપ્પોએ 11મી, નવનીત કૌરે 17મી, સુશીલા ચાનુએ 25મી, દીપિકાએ 38મી, લાલરેમસિયામીએ 44મી અને સાક્ષી રાણાએ 45મી મિનિટે ગોલ કર્યા હતા. નાણાકીય મુશ્કેલીઓ વચ્ચે સોશિયલ મીડિયા પર અપીલ કર્યા બાદ સરકારી મદદ મેળવીને વર્લ્ડ કપમાં પહોંચેલી દક્ષિણ આફ્રિકાની ટીમ માત્ર એક ગોલ કરી શકી હતી. ડે વાલ કાયલાએ 55મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો હતો. આ જીતથી પૂલ Dમાંથી ક્વોલિફાય થવા માટેની ત્રણ ટીમો વચ્ચેની રેસમાં ભારતને મહત્વપૂર્ણ ફાયદો મળ્યો છે.

## ઓલપાડ પીઆઇ ચેતન જાદવની પુત્રીએ કરાટેમાં બ્રોન્ઝ જ્યારે પુત્રએ સ્કેટિંગમાં ગોલ્ડ અને કરાટેમાં બ્રોન્ઝ જીત્યો

સુરત : 15 ઓગસ્ટના રોજ આણંદ યુગપુરુષ સ્વામી વિવેકાનંદ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે રાજ્ય કક્ષાની કરાટે ચેમ્પિયનશીપમાં ઓલપાડ પોલીસ ઇન્સ્પેક્ટર ચેતન જાદવની પુત્રી નિષ્ઠા અને પુત્ર રુદ્ર બંનેએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેમાં રુદ્ર સવારે 5 વાગે સુરતથી આણંદ બાય રોડ 185 કિલોમીટરનુ અંતર સ્કેટિંગ પર કાપીને કરાટે ચેમ્પિયનશીપમા બ્રોન્ઝ મેડલ જીત્યો અને ટુર્નામેન્ટ પુર્ણ કરી નોન સ્ટોપ ફરી સુરત 185 કિલોમીટર અંતર કાપી એટલે કે કુલ 370 કિલોમીટર અંતર કાપી સુરત પહોંચીને સ્કેટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. રુદ્રએ એક જ દિવસમા આણંદ અને સુરત વચ્ચે સ્કેટિંગમા ગોલ્ડ મેડલ તથા કરાટેમા બ્રોન્ઝ મેડલ જીતી અનન્ય કહેવાય તેવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

## ભારતીય દાદા-પૌત્રની પર્વતારોહક જોડીએ યુરોપમાં માઉન્ટ એલ્બ્રસ સર કર્યું

**72 વર્ષિય** લિંગમ રવિન્દ્ર રાવ માઉન્ટ એલ્બ્રસ સર કરનાર સૌથી વયસ્ક ભારતીય બન્યા

**માઉન્ટ** એલ્બ્રસના બંને શિખર સર કરનારો અનુરાગ પોકુરી સૌથી નાની વયનો ભારતીય

નવી દિલ્હી, તા. 18 : યુરોપના સૌથી ઊંચા સ્થળોમાંથી એક એવા માઉન્ટ એલ્બ્રસના શિખરે પહોંચવું એ 72 વર્ષીય લિંગમ રવીન્દ્ર રાવ માટે માત્ર અન્ય એક પર્વતારોહણ સિદ્ધિ નહોતી. તેમણે આ યાત્રા તેમના 17 વર્ષીય પૌત્ર અનુરાગ પોકુરી સાથે પૂર્ણ કરી હતી, જે પર દાદા-પૌત્રનું વિરલ સાહસ બની રહ્યું. આંધ્રપ્રદેશના વિજયવાડાના વતની રાવે 14 ઓગસ્ટે 72 વર્ષ, 1 મહિનો અને 13 દિવસની ઉંમરે માઉન્ટ એલ્બ્રસનું 5,642 મીટર ઊંચું વેસ્ટ પીક સર કર્યું હતું. મળતી માહિતી મુજબ, તેઓ માઉન્ટ એલ્બ્રસ સર કરનાર સૌથી વયસ્ક ભારતીય છે. તેમની સાથે રહેલા તેમના કિશોર પૌત્ર માટે પણ આ અભિયાન એટલું જ મહત્વપૂર્ણ હતું. તેલંગાણાના હૈદરાબાદનો વતની અનુરાગ 3 કલાક અને 44 મિનિટમાં બેક-ટુ-બેક પશ્ચિમ અને પૂર્વ બંને શિખરો પર ચડી ગયો હતો. તે હવે બંને શિખરો પર સતત ચડાઈ કરનાર સૌથી નાની વયનો ભારતીય મૂળનો નાગરિક છે.

## બીજી ટેસ્ટ માટે ઑસ્ટ્રેલિયાએ વેધરલ્ડને ડ્રોપ કર્યો, રેનશૉની વાપસી

મકે, તા. 18 (એપી) : બાંગ્લાદેશ સામે પ્રથમ ટેસ્ટમાં થયેલી આંચકાજનક હાર બાદ સીરિઝ સરભર કરવાના પ્રયાસરૂપે ઑસ્ટ્રેલિયાએ જેક વેધરલ્ડને ટીમમાંથી બહાર કરીને ટોપ ઓર્ડરને મજબૂત કરવા માટે મેટ રેનશૉની ટીમમાં વાપસી કરાવી છે. શનિવારથી નોર્થ ક્વીન્સલેન્ડ રાજ્યના મકે ખાતે શરૂ થનારી બીજી ટેસ્ટ માટે ઑસ્ટ્રેલિયાએ મંગળવારે પોતાની ૧૩ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી, જેમાં માત્ર આ એક જ ફેરફાર કરવામાં આવ્યો છે.

**બીજી ટેસ્ટ માટેની ઑસ્ટ્રેલિયન ટીમ**

પેટ કમિન્સ (કેપ્ટન), સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી, કેમરન ગ્રીન, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઇંગ્લિસ, માર્નસ લબુશેન, નાથન લિયોન, મેથ્યુ રેનશો, સ્ટીવ સ્મિથ, મિચેલ સ્ટાર્ક, બ્યુ વેબસ્ટર.

## આજનું પંચાંગ

**તા. 19/08/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** સુદ:સાતમ : 19:20, બુધ પૂજન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ:28
**નક્ષત્ર :** સ્વાતિ :06:47 પછી વિસાખા
**યોગ :** બ્રહ્મ **કરણ:** ગર
**રાશિ:** તુલા (ર.ત.) 26:32 પછી વૃશ્ચિક (ન.ચ.)
**દિવસ :** મિશ્ર, શીતળા સપ્તમી - ગોસ્વામી તુલસીદાસ જયંતી,
**સુરતમાં સૂર્યોદય :** 06:20 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:05 **નવકારસી :** 07:08
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો05મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુકાળ:** બપોરે : 12:00 થી 13:30 સુધી

**મેષ (અ,લ,ઇ,):** ઉત્સાહજનક સમાચાર મળે. નોકરીમાં પ્રગતિ થાય. સમાજમાં યશ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. આવક વધે.
**વૃષભ (બ,વ,ઉ,):** ક્રોધ પર કાબૂ અને વિજાતિય આવેગથી બચવું પડશે. નોકરીમાં નવી તક ઊભી થાય. આરોગ્યના ખર્ચા વધશે.
**મિથુન (ક,છ,ઘ,):** નવા સંબંધો મજબૂત બને. પ્રેમમાં વિશ્વાસ વધે. સંતાનોનાં કામ થાય. સમાજીવનમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.
**કર્ક (ડ,હ,):** ઘરમાં અવરજવર વધે. બહારનાં કામ સતાવે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય. નોકરીમાં નવી તક ઊભી થાય.
**સિંહ (મ,ટ,):** પ્રવાસ પર્યટન

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

ટ્યુશન ટેકનોલોજી દલાલી અને સરકારી કામને લગતાં કાર્યો સફળ બને. આવક વધશે.
**કન્યા (પ,ઠ,ણ,):** વાણી બુદ્ધિ અને વ્યવહાર કુશળતાથી સફળતા મળે. ઘરમાં વિવાદ ટાળવો. ઉઘરાણી આવી શકે છે.
**તુલા (ર,ત,):** ધનાર્જન માટે તક મળે. સમાજમાં યશ મળે. નોકરીમાં પ્રમોશન મળે. દાંપત્યમાં તાલમેળ રહે.આવક વધે.
**વૃશ્ચિક (ન,ય,):** મોજ-શોખ પાછળ ખર્ચા વધે. વિજાતિય મિત્રો સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. ગુપ્ત ભય રહે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિજાતિય મિત્રોનો સાથ મળે. સંતાનોનાં કામ થાય. શુભ સમાચાર મળે. આવક વધારવાની તક ઊભી થાય.
**મકર (ખ,જ,):** નોકરી ધંધામાં નવા ફેરફારથી અનુકૂળતા વધશે. વડીલોનો સાથ મળે. નોકરીમાં નવી તક ઊભી થાય.
**કુંભ (ગ,સ,શ,ષ,):** બૌદ્ધિક લોકોની મદદથી ઉચ્ચ શક્ષિણ વિદેશનાં કામ